વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી ખાતે વિકલાંગો માટેના કાર્યક્રમો- યોજનાઓના મોનીટરીંગ માટે મહેકમ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૫/૯૧૧૧૩૩/ન.બા.-૧૧/છ-૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખ :-૨૯/૪/૨૦૧૫.

<u>વંચાણે લીધા:-</u>

(૧) **આ વિભાગનો તા. ૧/૪/૨૦૧૫નો સરખા ક્રમાંકનો ઠરાવ.**

## સુધારા ઠરાવ :-

ઉપર ક્રમ-(૧) સામે વંચાણે લીધેલા આ વિભાગના ઠરાવથી વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી ખાતે કમિશ્નરશ્રી અને નાયબ કમિશ્નરશ્રી માટે મળવાપાત્ર **એક અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧ અને એક ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ એમ કુલ – બે જગ્યાઓ** ફીક્સ પગાર ધોરણમાં ઉભી કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. જો કે આ દરખાસ્તમાં નાણા વિભાગે **અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ અને ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨** એ રીતે મંજૂરી આપેલ છે, બજેટ બુકમાં પણ તે રીતે પ્રસિધ્ધિ થયેલ છે, પરંતુ ઉક્ત વંચાણે લીધેલ **તા.૧/૪/૨૦૧૫ના ઠરાવમાં સરતચૂકથી "અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧" નો ઉલ્લેખ કરેલ છે તો તેને સુધારીને "અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨"** એમ વંચાણે લેવાનું રહે છે.

૨/- આ નવી બાબતમાં સ્ટેનો ગ્રેડ-૨ (અંગ્રેજી/ગુજરાતી)નું પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ અને ગ્રેડ પે રૂ.૪૬૦૦ દર્શાવેલ છે, પરંતુ આર.ઓ.પી.-૨૦૦૯ અન્વયે સ્ટેનો ગ્રેડ-૨ (અંગ્રેજી/ગુજરાતી)નું પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦ ગ્રેડ પે ૪૪૦૦ દર્શાવેલ હોઈ તે મુજબનો સુધારો કરી લેવાનો રહે છે.

ઉક્ત તા.૧/૪/૨૦૧૫ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય તમામ શરતો યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.બી.ચૌહાણ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અ.મુ. સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(3) અ.મુ. સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૭) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૮) નાણા સલાહકારશ્રી, (સા.ન્યા. અને અ.વિભાગ,) બ્લોક નં.-૧૪, બીજો માળ,સચિ.,ગાંધીનગર.

(૯) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર. વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૦) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.

# # # # # # #